રાજભવન, ગાંધીનગર.
તા. ૦૮/૦૧/૨૦૧૫

## 'ભારતને ઓળખો' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર આવેલા વિદેશી યુવાપ્રતિનિધિઓ રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

---

'ભારતને ઓળખો' કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરના પ્રવાસે આવેલા વિવિધ દેશોના યુવાપ્રતિનિધિઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ. પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

યુવાપ્રતિનિધિઓ સાથે વાતચીત કરતા રાજયપાલશ્રીએ ગુજરાતે વિવિધ ક્ષેત્રે સાધેલી પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો. રાજયપાલશ્રીની શુભેચ્છા મુલાકાત લેનાર પ્રતિનિધિઓમાં ઈઝરાઈલ, મોરેશિયસ, મ્યાનમાર, સાઉથ આફ્રિકા, ટ્રીનીદાદ–ટોબેગો અને ફ્રાન્સનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે ગુજરાત પ્રવાસન નિગમના અધિકારીઓ પણ ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ